**આંક :–૧૨**

**<u>અમદાવાદના લેબર કોર્ટના પ્રમુખ અધિકારી શ્રી જે.એ.રંગવાલા સમક્ષ, કોર્ટ નં.૬.</u>**

**રેફરન્સ(એલ.સી.એ.)નં.૫૭૫/૨૦૨૧.**

**પ્રથમ પક્ષકારઃ–** નવદુર્ગા ફાઉન્ડ્રી
૧, શ્યામ એસ્ટેટ, શરણમ એસ્ટેટની બાજુમાં,
કઠવાડા, અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકારઃ–** જવાહર રામદાસ જાટવ
કબીરનગર,ગેલેક્ષી સિનેમા પાસે, નરોડા, અમદાવાદ.
C/O નવજાગૃત લેબર યુનિયન
૧૮, મંજુરખાનની ચાલી, ભીલવાડા,
અમરાઈવાડી, અમદાવાદ.

.....................................................................

પ્રથમ પક્ષકાર તરફે– કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે– વિ.પ્ર.શ્રી એ.આર.મિશ્રા.

.....................................................................

**<u>–: એ વો ર્ડ :–</u>**

**૧.** આ કામનાં બીજા પક્ષકાર શ્રી જવાહર રામદાસ જાટવ તથા પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૧ ના પત્ર ક્રમાંક/નાશ્રઆ/અવિ/વિભાગ–૩/આઈ.ડી.આર.નં.૬૫૨/૨૦૨૧ અન્વયે નીચેની અનુસૂચિ અન્વયે ન્યાય નિર્ણય અર્થે અદાલત સમક્ષ રીફર થયેલ છે.

**<u>–: અનુસૂચિ :–</u>**

શ્રી રામદાસ જાટવ,કબીરનગર, ગલી નં.૬, ગેલેક્ષી સિનેમા સામે, નરોડા, અમદાવાદને તેમની સળંગ નોકરી ગણી પડેલા

દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**૨.** સબંધિત કામે બીજા પક્ષકાર કામદાર તરફે આંક-૫ થી તેઓનું માંગણાનું નિવેદન રજુ કરી જણાવે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કારીગર તરીકે છેલ્લા પાંચ વર્ષથી મોલ્ડીંગ ખાતામાં કારીગર તરીકે સવારના ૮-૦૦ થી સાંજના ૮-૦૦ થી દૈનિક રૂપિયા ૬૦૦/- લેખે માસિક પગારથી ફરજો બજાવતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા નોકરીમાં દાખલ થયા ત્યારથી મજુર કાયદા મુજબના કોઈપણ પુરાવા આપતા ન હતા. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ છે. તા.૨૧-૨-૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારને કોઈપણ જાતની કાયદેસર કાર્યવાહી કર્યા સિવાય હક્ક, હિસ્સાની રકમ ચુકવી આપ્યા સિવાય તા.૨૧-૨-૨૦૨૧ ના રોજથી નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરી બેકાર બનાવેલ છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી મેળવવા ગયેલ પરંતુ નોકરી મળેલ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનુ સંસ્થાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવી મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા આદેશ કરવા અરજ કરેલ છે.

સબંધિત કામનું રેકર્ડ વંચાણે લેતાં બીજા પક્ષકાર તરફે નવ જાગૃત લેબર યુનિયનનુ અધિકારપત્ર રજૂ થયેલ હતુ.

આંક-૬ ના લિસ્ટથી અરજદાર તરફે બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થાને મોકલેલ ડિમાન્ડ નોટીસની નકલ, પ્રથમ પક્ષકાર સંસ્થાને ડીમાન્ડ રજીસ્ટર એડી. દ્વારા મોકલાવેલ છે તેની મની રસીદ અસલ, ડીમાન્ડ નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળી ગયેલ છે તે અંગેની વેબ સાઈટ ઉપરથી લીધેલ ટ્રેક રેકર્ડની નકલ, પ્રથમ પક્ષકાર

સંસ્થાને માંગણાનુ નિવેદન રજી.પોસ્ટ દ્વારા મોકલાવેલ છે તે અંગેની મની રસીદ અસલ, પ્રથમ પક્ષકાર સંસ્થાને માંગણાનુ નિવેદન મળી ગયેલ છે તે અંગેનુ પોસ્ટ ખાતાના વેબ સાઈટ ઉપરથી લીધેલ ટ્રેક રેકર્ડની નકલ રજૂ કરેલ છે.

આંક–૮ થી કામદાર જવાહર રામદાસ જાટવનુ પુરાવા સોગંદનામુ રજુ થયેલ હતુ. આંક–૧૦ થી બીજા પક્ષકાર તરફે પુરાવાબંધની પુરશીશ રજૂ થયેલ હતી. આ કામે બીજા પક્ષકાર તરફે પ્ર.શ્રી એ.આર.મિશ્રાની મૌખિક દલીલો સાંભળી સંસ્થા તરફે હાજર રહી કોઈ દલીલ કે રજૂઆત થયેલ ન હોય રેકર્ડ ધ્યાને લઈ સદર કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

હવે સબંધિત કામનું રેકર્ડ વંચાણે લેતાં કામદાર તેના માંગણા નિવેદનના સમર્થનમાં સુનાવણી દરમ્યાન હાજર રહી આંક–૮ થી તેઓનુ પુરાવા સોગંદનામુ રજૂ કરી માંગણા નિવેદનની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. જેને સંસ્થા તરફે ઉ.ત. લઈ પડકારવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા મૌખિક હુકમથી તા.૨૧–૨–૨૦૨૧ ના રોજ કોઈપણ જાતની કાયદેસર કાર્યવાહી કર્યા સિવાય કે સદર અધિનિયમની જોગવાઈઓનુ પાલન કર્યા સિવાય નોકરીમાંથી છૂટા કરી બેકાર બનાવેલ છે, જેને સબંધિત સંસ્થાએ ઉ.ત. લઈ પડકારેલ નથી કે તેના વિરૂદ્ધનો કે તેને ખંડન કરતો કોઈ સ્પષ્ટ આધારભુત પુરાવો આ કામના રેકર્ડ પર રજુ કરેલ નથી.

હવે, જ્યારે આ કામે સબંધિત બીજા પક્ષકારનો વિવાદ સને–૨૦૨૧ માં અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય અર્થે રીફર થયા બાદ સબંધિત કામદારે તેઓના માંગણા નિવેદન તથા જે હકીકતોને સમર્થન આપતુ પુરાવા સોગંદનામુ પણ આ કામના રેકર્ડમાં રજુ થયેલ છે જ્યારે સંસ્થા તરફે બચાવના સમર્થનમાં સુનાવણી દરમ્યાન હાજર રહી કોઈ

સ્પષ્ટ આધારભૂત દસ્તાવેજી પુરાવો કે સાક્ષી પુરાવો રજુ કરેલ નથી. આમ બચાવની હકીકતો યોગ્ય રીતે પુરવાર કરવા સંસ્થાએ કાળજી કે દરકાર લીધેલ ન હોય તેમજ સબંધિત કામદારના કેસના સમર્થનમાં રજૂ કરેલ આંક–૮ ના પુરાવા સોગંદનામાને પણ ઉ.ત. લઈ પડકારવામાં આવેલ નથી કે જેને ખંડન કરતો તેના વિરૂદ્ધનો કોઈ સ્પષ્ટ આધારભૂત પુરાવો આ કામના રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આમ સંસ્થાને સુનાવણી દરમ્યાન તકો આપવા છતાં તેઓનો કોઈ પુરાવો રજૂ કરેલ ન હોય જે તમામ સંજોગોમાં બીજા પક્ષકારના માંગણા નિવેદનના સમર્થનમાં સોગંદ ઉપર જાહેર કરેલ હકીકતો ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આમ, ઉપરોક્ત તમામ ચર્ચા અને ઉપસ્થિત કામનુ રેકર્ડ ધ્યાને લેતાં બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજનો સમયગાળો ધ્યાને લીધા વિના તેમજ કોઈપણ જાતના વાંક ગુના સિવાય સંસ્થાએ તેઓને તા.૨૧–૨–૨૦૨૧ ના રોજથી નોકરીમાંથી છૂટા કરવાનુ પગલુ સદર અધિનિયમની કલમ–૨૫(એફ)(જી)(એચ)ની જોગવાઈઓનુ ભંગ કરતુ અન્યાયી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂદ્ધનુ હોવાનુ આથી ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં જ્યારે સંસ્થાએ બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છૂટા કરેલ હોય તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં ઉપરોક્ત તમામ ચર્ચાને અંતે બીજા પક્ષકાર કામદારનો આ કામેની પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના ૨૫% પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવામાં આવે તો ન્યાયનો ઉચ્ચત્તમ હેતુ જળવાઈ રહેશે જેથી ઉપરોક્ત તમામ ચર્ચા, સદર અધિનિયમની જોગવાઈઓ તથા રેકર્ડ ધ્યાને લઈ બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ અંશતઃ ગ્રાહ્ય રાખી નીચે મુજબનો આખરી હુકમ પસાર

કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

**૧.** બીજા પક્ષકારનો **રેફરન્સ (એલ.સી.એ.)નં.૫૭૫/૨૦૨૧** આથી અંશતઃગ્રાહ્ય રાખવામાં આવે છે.

**૨.** આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થા નવદુર્ગા ફાઉન્ડ્રી, ૧, શ્યામ એસ્ટેટ, શરણમ એસ્ટેટની બાજુમાં, કઠવાડા, અમદાવાદને આથી આદેશ કરવામાં આવે છે કે સદર એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં સબંધિત બીજા પક્ષકાર/કામદારને સળંગ નોકરીથી પડેલા દિવસોના **૨૫% (પચીસ ટકા)** પગાર સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા.

**3.** બીજા પક્ષકારને ખર્ચના રૂપિયા ૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) પ્રથમ પક્ષકાર સંસ્થાએ ચુકવી આપવા.

(જુઝર અબ્બાસભાઈ રંગવાલા)
કોડ નં.જીજે૦૦૭૦૬
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ નંબર-૬,
અમદાવાદ.

તારીખ-૧૬-૪-૨૦૨૪
સ્થળ-અમદાવાદ.

Abhijeet jadav,P.A.